ઇ-ધરા અંતર્ગત ગામ નમૂના નંબર-૬ (હક્કપત્રક)માં હક્ક કમી તથા વહેંચણીની ફેરફાર નોંધો દાખલ કરવા બાબત

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ એલઆરસી/૧૦૨૦૧૬/૦૬/એસએમસી
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૫/૦૧/૨૦૧૬

<u>પરિપત્ર:</u>

રાજ્યના તમામ જિલ્લાઓમાં ઇ-ધરા સીસ્ટમ અંતર્ગત ઓનલાઇન ગામ નમૂના નંબર-૬માં ફેરફાર નોંધો દાખલ કરવાની પ્રથા હાલ કાર્યરત છે.

ઇ-ધરા સીસ્ટમ હેઠળ વિવિધ ૪૩ પ્રકારની વિવિધ પ્રકારની ગામ નમૂના નંબર-૬માં ફેરફાર નોંધો દાખલ થઇ શકે છે. અનુભવે જાણવા મળ્યુ છે રાજ્યના અમુક જિલ્લાના ઇ-ધરા કેન્દ્રોમાં હક્ક કમી તથા વહેચણીની ફેરફાર નોંધો દાખલ કરવામાં ડેટા એન્ટ્રી ઓપરેટરોની ગેરસમજ અથવા તાલીમના અભાવને કારણે અરજદારો પાસેથી આવતી અરજીઓમાં હક્ક કમીની નોંધ દાખલ કરવાની હોય ત્યારે વહેચણીનો પ્રકાર પસંદ કરવામાં આવે છે જ્યારે વહેચણીની નોંધ દાખલ કરવાની હોય ત્યારે હક્ક કમીનો પ્રકાર પસંદ કરવામાં આવે છે. જેને કારણે વેબ-ભૂલેખ એપ્લીકેશનમાં એરર આવતી હોય છે અને એરર રીમુવ કરાવવા સ્ટેટ મોનીટરીંગ સેલ, ગાંધીનગરને પત્રવ્યવહાર કરવો પડતો હોય છે. જેને ખેડૂત / ખાતેદારોની કામગીરી કરવામાં વિલંબ થતો હોય છે.

ઉક્ત બાબતે સ્પષ્ટતા કરવાની કે જ્યારે ખાતેદારો પૈકી કોઇ એક કે વધુ ખાતેદારો આખા ખાતામાંથી પોતાનો હક્ક જતો કરે ત્યારે હક્ક કમી ફેરફાર નોંધનો પ્રકાર પસંદ કરવાનો રહે છે. પરંતુ જ્યારે ખાતેદારો પૈકી કોઇ એક કે વધુ ખાતેદારો આખા ખાતાને બદલે અમુક સરવેનંબરમાંથી જ પોતાનો હક્ક જતો કરે ત્યારે વહેંચણી ફેરફાર નોંધનો પ્રકાર પસંદ કરવાનો રહે છે.

આ પ્રકારની કામગીરી કરવાથી બિન જરૂરી પત્રવ્યવહાર પણ અટકી જશે અને વિના વિલંબે ખેડૂત / ખાતેદારોની કામગીરી થશે.

આથી તમામ કલેક્ટરશ્રીઓને જણાવવામાં આવે છે ઉક્ત સૂચના આપની તાબાના તમામ મામલતદારશ્રીઓને તથા ઇ-ધરામાં કામ કરતા સંબંધિત કર્મચારીઓને જાણ કરવા અને આ પ્રકારની ક્ષતિ ન થાય તે સુનિશ્ચિત કરવું.

(પ્રકાશ મોદી)
પ્રોજેકટ ઓફીસર
સ્ટેટ મોનીટરીંગ સેલ, લેન્ડ રેકર્ડ કમ્પ્યુટરાઇઝેશન
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,
કલેકટરશ્રી તમામ

નકલ સાદર રવાનાઃ
- મહેસૂલ તપાસણી કમીશનરશ્રી, ગાંધીનગર
- સીઆઇઓ, એનઆઇસી, ગુજરાત સ્ટેટ સેન્ટર, ગાંધીનગર